R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

ESTD. YEAR - 18 •ISSUE: 30 DATE: 26-07-2014 •SATURDAY• PAGES: 4•PRICE Rs.1 •YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## એરપોર્ટ પરથી ઇ- વિઝાની શરુઆત થશે, અમદાવાદની શક્યતા

દેશના નવ જેટલા એરપોર્ટ પરથી આગામી છ મહિનામાં ઈ વિઝા(ઈલેકટ્રોનીક ટ્રાવેલ ઓથોરાઈઝેશન)ની સેવા શરુ કરાનાર છે. જેમાં અમદાવાદ એરપોર્ટનો સંભવિત એરપોર્ટમાં સ્થાન મળવાની શક્યતાઓ છે.આ જાહેરાતથી ટુરીઝમનો વ્યાપ વધશે અને વિદેશી પર્યટકોની સંખ્યામાં ૨૦ ટકા જેટલો વધારો થાય તેવી શક્યતા જોવાઈ રહી છે.

આ સેવાને લીધી વિવિધ દેશોમાંથી ભારતમાં આવનારા પર્યટકોની સંખ્યામાં વધારો થશે.ઈ વિઝા અને વિઝા ઓન એરાઈવલ બે ભિન્ન પ્રકારની સેવાઓ છે. ઈ વિઝા એ એક પ્રકારની ઈ ટીકીટ જેવું છે. ઈ વિઝામાં ઓનલાઈન વિઝા એપ્લીકેશન કરવાની હોય છે. અને વિઝાનું કન્ફર્મેશન પણ ઓનલાઈન મળતું હોય છે.જેની પ્રિન્ટ આઉટ સાથે પર્યટક મુસાફરી કરવાને લાયક ગણાય છે.લાંબી દસ્તાવેજી પ્રકીયામાંથી મુક્તિ મળશે.

## બહુચર્ચિત કુડાનકુલમ ન્યુકલિયર પાવર પ્લાન્ટ પુર્ણ ક્ષમતાએ કાર્યરત

અણુશક્તિ દ્વારા ઉર્જા પેદા કરતુ કુડાનકુલમ ન્યુકલિયર પાવર પ્લાન્ટ હવે તેની પુર્ણ ક્ષમતાએ કામ કરતું થઈ ગયું છે.ભારતનું તે એક માત્ર અણું ઉર્જા મથક બન્યું છે કે જે ૧૦૦૦ મેગાવોટ વિદ્યુત પેદા કરે છે.ભારતમાં આવેલા અન્ય અણુ ઉર્જા મથકો સામાન્યત ૫૪૦ મેગાવોટ સુધીની જ્યારે થર્મલ પાવર પ્લાન્ટ દ્વારા ૬૬૦ થી ૬૮૦ મેગાવોટ સુધી જ ઉર્જા પેદા થાય છે. તેની સરખામણીમાં આ પાવર પ્લાન્ટ દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલી આ સિધ્ધિ નોધપાત્ર છે.

## હવે પોસ્ટ ઓફીસ ફ્રેન્કીંગ સુવિધા શરુ કરશે

ઈ-સ્ટેમ્પીંગથી સ્ટેમ્પ ડ્યુટી ભરવાની શરુઆત કરનારુ ગુજરાત રાજ્ય દેશમાં પ્રથમ રાજ્ય છે.આ સુવિધાને કારણે આવકમાં વધારો થવા પામ્યો છે.સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવાની પ્રક્રિયાને સરળ બનાવવા રાષ્ટ્રીયકૃત બેકો અને સહકારી બેન્કો,અધિકૃત ખાનગી બેકો અને શિડ્યુલ બેકોને ફ્રેન્કીંગ મશીનથી સ્ટેમ્પ ડ્યુટી ભરવાઅધિકૃત કરવાનો સરકારે નિર્ણય કર્યો છે.આ માટે ૩૬૪ જેટલા પરવાના આપવામાં આવ્યા છે. હવે પોસ્ટ ઓફિસ દ્વારા પણ ફ્રેન્કીંગ સુવિધા શર કરાશે.મંત્રી નિતીન પટેલે જણાવ્યું હતું કે બોગસ કુલમુખ્યત્યારનામા રોકવા માટે તથા ઈક્વિટેબલ મોર્ગેજના દસ્તાવેજોની નોધણી ફરજીયાત કરવા રજીસ્ટ્રેશન એક્ટમાં જરુરી ફેરફાર કરવામાં આવ્યા છે. જુનાપુરાણા અને રાજાશાહી વખતના હ્સ્ત લિખિત દસ્તાવેજોની જાળવણી કરવી સૌથી કપરી બાબત છે. પણ આવા રેકોર્ડન ડીજીટલ સ્ટોરેજ કરાય છે.જેમાં તમામ સબ રજીસ્ટારના અંદાજે સવા કરોડ દસ્તાવેજોનું ડીજીટલ સ્ટોરેજ, માઈક્રો ફિલ્મીંગ રોલનું ડીજીટલ સ્ટોરેજ જેવી કામગીરી હાથ ધરાઈ છે.

## પ્રવાસી ભારતીય ક્રિકેટ ટીમનો લોર્ડસ ઉપર ઇગ્લેન્ડ સામે શાનદાર વિજય

ઈગ્લેન્ડમાં લોર્ડસના મેદાન ભારત અને ઈગ્લેન્ડ વચ્ચે પર રમાઈ રહેલ બીજી ટેસ્ટ ક્રિકેટ મેચમાં ભારતનો ૯૫ રને શાનદાર વિજય થયો હતો.વિજયના શિલ્પી તરીકે ભારતીય ઝડપી બોલર ઈશાંત શર્માએ પોતાનું કૌવત દેખાડ્યું હતું.ઈશાન શર્માએ ઈગ્લેન્ડના સાત બેટ્સમેનોને તંબુ ભેગા કર્યા હતા.ભારતે ૨૮ વર્ષ પહેલા આ મેદાન પર કપિલદેવની આગેવાની હેઠળ ઈગ્લેન્ડને હરાવ્યું હતું. ધોનીની ટીમે લોર્ડસના મેદાન પર વિજય મેળવીને ક્રિકેટ ઈતિહાસમાં ક્રિકેટના કાશી ગણાતા સેન્ટર પર પોતાની યશ કલગીમાં એક વધુ છોગુ ઉમેર્યું હતું.સાથે સાથે ભારતે તેના ભુતપુર્વ સ્ટાર ખેલાડીઓ સચિન તેદુલકર, રાહુલ દ્રવિડ,સૌરવ ગાંગુલી, વીવીએસ લક્ષ્મણ કે અનિલ કુંબલે જેવા મહાન ખેલાડીઓની ગેરહાજરીમાં આ મેચમાં વિજય હાંસલ કર્યો હતો.

છેલ્લા કેટલાક સમયથી વિદેશના પ્રવાસોમાં ભારત મેચો હારતુ રહ્યુ હતું અને તેના પર દોષારોપણ પણ થયું હતુ કે ભારતીયો તેમના દેશમાં જ બીજાને હરાવી શકે છે પરંતુ આ જીતે સાબિત કર્યુ કે તેઓ વિદેશમાં પણ પોતાનો પરચો બતાવી શકે છે.લોર્ડસના આ ઐતિહાસિક મેદાનમાં ભારતનો આ બીજો વિજય હતો.છેલ્લી ૧૫ ટેસ્ટ બાદ ધોનીની ટીમ વિદેશની ધરતી પર વિજય મેળવવામાં સફળ રહી હતી.લોર્ડસના મેદાન પર મેચ જીતવી એ દરેક ટીમ માટે એક સ્વપ્ન જેવું હોય છે. ૧૯૩૨માં ભારત તેના ક્રિકેટ ઈતિહાસમાં સહુ પ્રથમ ટેસ્ટ આ મેદાન પર રમ્યું હતું.અને સહુ પ્રથમ લોર્ડસ પર વિજય છેક ૧૯૮૬ના વર્ષમાં ભારતને મળ્યો હતો.એ વખતે કપિલદેવની આગેવાનીમાં ભારતનો પાંચ વિકેટે વિજય થયો હતો.

હાલમાં ભારતની ઈગ્લેન્ડના પ્રવાસ ગયેલ ટીમમાં નવા ખેલાડીઓ છે જેમાં ભુવનેશ્વરકુમાર, અજંકિય રહાણે, મુરલી વિજય, રવિન્દ્ર જાડેજા તેમજ ઈશાંત શર્માએ આ મેચમાં સારી રમતનું પ્રદર્શન કર્યુ હતું.અને શાનદાર વિજય મેળવ્યો હતો.

વિશ્વના તમામ બેટ્સમેન લોર્ડસના ઐતિહાસિક મેદાન પર પોતાની સદી થાય તેમ ઈચ્છતા હોય છે. પરંતુ આ મેચમાં મુરલી વિજય પાંચ રન માટે સદી ચુકી ગયો હતો.મુરલી વિજયની સાથે રવિન્દ્ર જાડેજા અને ભુવનેશ્વર કુમારના ઓલરાઉન્ડ દેખાવથી ભારતનો હાથ ઉંચો રહ્યો હતો.

## પાકિસ્તાન પહેલીવાર ગુજરાતના માછીમારોની ફિશીંગ બોટો પરત આપશે

પાકિસ્તાન મરીન એજન્સી દ્વારા મોટી સંખ્યામાં અવારનવાર ભારતીય માછીમારોનું અપહરણ કરીને બોટો સાથે તેમને ઉપાડી જવામાં આવે છે. અને તેમને સરહદ ભંગના નામે કે ગેરકાયદેસર પાકિસ્તાનની દરિયાઈ સરહદમાં માછીમારી કરવાના ગુના હેઠળ ધરપકડ કરવામાં આવે છે.મોટા ભાગના ગુજરાતના માછીમારો પાકિસ્તાની મરીન એજન્સીનો વારંવાર ભોગ બને છે. તેમજ ભારત સરકારના પ્રયત્નો બાદ તેમને છોડાવવામાં આવે છે. પરંતુ માછીમારોને છોડવા સાથે તેમની બોટોને છોડવામાં આવતી નથી તે પાકિસ્તાન દ્વારા જપ્ત કરી લેવામાં આવે છે.આગામી મહિનામાં પાકિસ્તાન દ્વારા અપહરણ કરાયેલ માછીમારી બોટો પાછી આપવાનો નિર્ણય કરાયો છે. જેથી ૫૭ જેટલી બોટો પરત મળશે.

ગુજરાતના માછીમારી ઉદ્યોગને આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમાભંગના નામે બંધુકની અણીએ પાકિસ્તાની મરીન એજન્સી ઉપાડી જાય છે.ત્યારબાદ ઉપાડાયેલ બોટોને કરાંચી સહિતના તેમના બંદરોમાં એકતરફ રાખી દેવામાં આવતી હતી.

આવી ઉપાડી જવાયેલ બોટોનું નિરિક્ષણ કરતાં એવું માલુમ પડ્યું હતુ કે તે પૈકીની કેટલીક બોટો બિસ્માર હાલતમાં છે.કેટલીક તુટી ફુટી ગઈ છે.આ પૈકીની ૫૭ બોટો સારી હાલતમાં છે તે સાધારણ રીપેરીંગ બાદ ચાલુ થઈ શકે તેમ છે.તેથી આ બોટો પાછી લાવવામાં આવશે.

થોડા સમય પહેલા એક ભારતીય પ્રતિનિધિ મંડળ પાકિસ્તાન ગયું હતું. ત્યારે તેમણે પાકિસ્તાન મરિન સીક્યુરીટી એજન્સીના અધિકારીઓ અને પાકિસ્તાન સરકારના ઉચ્ચ અધિકારીઓ સાથે એક બેઠકનું આયોજન કર્યુ હતું.આ પ્રતિનિધિ મંડળમાં પોરબંદરના કેટલાક સભ્યો પણ હાજર રહ્યા હતા.

આ પ્રતિનિધિ મંડળને કરાંચી બંદરમાં પડેલ પોરબંદરની તેમજ અન્ય બોટોનું નિરિક્ષણ કરવા દેવાયું હતું. આ માછીમાર આગેવાનોએ બોટની અંદર ઉતરીને બોટોનું નિરિક્ષણ કર્યા બાદ ૫૭ જેટલી બોટો મરામત બાદ ઉપયોગમાં લેવાય તેમ છે તે પાછી આપવા જણાવ્યું હતું.

## કારનો વિમો પાંચ વર્ષે રિન્યુ કરાવવાની વિચારણા

દર વર્ષે કારના વીમાને રીન્યુ કરાવવાની કટાકુટમાંથી છુટછાટ આપવા માટે વિમા સેકટરનું નિયમનકાર વીમા કંપનીઓ સાથે પાંચ વર્ષની પોલીસી આપવા બાબતે વિચારણા કરી રહ્યું છે.આવી પોલીસીઓ ગ્રાહકોને સસ્તી પડશે.વીમા ક્ષેત્રના નિયમનકાર ઈરડાના એક અધિકારીના જણાવ્યા પ્રમાણે કેટલીક વીમા કંપનીઓ આ વિશે દરખાસ્તો રજુ કરી છે.અને તેની પર વિચારણા ચાલી રહી છે. પ્રારંભમાં ટુવ્હીલર સેગમેન્ટથી શરુઆત થશે. આગળ જતાં કોર્મર્શીયલ વાહનો માટે આ અમલમાં આવી શકે છે. ગ્રામ્ય વિસ્તારમાં વાહનોના વિમાને પ્રોત્સાહન આપવા માટે લાંબા ગાળાનું પોલીસી કવર ઉપયોગમાં લેવા માંગે છે.આ બધું વીમા સેકટરમાં વિદેશી રોકાણને આર્કષવા માટે છે.જેથી વિદેશી રોકાણકારો વીમા ક્ષેત્રે આગળ આવે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

વરસાદની સીઝનમાં આવેલ ફેરફારોને કારણે તેમજ નજીવા વરસાદને કારણે લોકોની મુઝવણોમાં વધારો થવા પામ્યો છે. શાકભાજીના ભાવો આસમાને પહોચી ગયા છે.જીવનજરુરીયાતની ચીજવસ્તુઓમાં ભારે વધારો નોધાયો છે.નવી સરકાર જે અચ્છે દિનની વાત કરીને લોકોને મત મેળવ્યા છે તે લોકોને હજુ સુધી અચ્છે દિન આવ્યાની કોઈ લાગણીનો અહેસાસ થતો જોવા મળ્યો નથી. ઉપરથી તેઓ છેતરાયા હોવાની લાગણી ચોમેર પ્રસરી રહી છે.

જે લોકો મત માંગતા પહેલા પાડોશી દેશો માટે જે વાણી વિલાસ કરતા હતા તેઓ અત્યારે આજ પાડોશીઓની ભવ્ય આગતા સ્વાગતા કરી રહ્યા છે અને કસાબની બીરીયાનીને પેચીદો મુદો બનાવનારાઓ પાકિસ્તાનથી આવેલા પ્રતિનિધિ મંડળને બીરીયાની ખવડાવી રહ્યા છે.પ્રજા મુક પ્રેક્ષક બનીને આ તમાશો જોઈ રહી છે.ભાજપના કેટલાક લોકોમા આ બાબતે આક્રોશ ફેલાયો છે પરંતુ હાઈકમાન્ડ આગળ આજ સુધી કોઈનું ચાલ્યુ નથી કે ચાલશે નહી.

કોગ્રેસ ચુંટણીમાં હારી ગયા પછી તેને ફરી પાછી બેઠી ના થઈ શકે તેવી વ્યવસ્થા વિરોધીઓ દ્વારા કરવામાં આવી છે. કોગ્રેસમાં લાલચુઓને લલચાવીને પક્ષને તોડીફોડીને અવદશા કરવામાં વિરોધીઓ મહેનત કરી રહ્યા છે.ખેર, જે થવાનુ હશે તે થશે,પરંતુ લોકોમાં આક્રોસ વધતો ચાલ્યો છે તેને સરખો કરવા સત્તામાં બેઠેલા લોકોએ કમર કસવી પડશે. સટોડીયાઓ અને કાળા બજારીયા વેપારીઓએ તો ભાજપ સત્તા પર આવ્યા બાદ રીતસરની લુંટ ચલાવવા માંડી છે.ચર્ચીલે આ દેશને આઝાદી આપતાં પહેલા કહેલું કે આ દેશના સામાન્ય નાગરિકોને આપણે પીંઢારા, લુંટારાઓ,ચોરો,અને કપટીઓના હાથમાં સોપી રહ્યા છે.સમય એવું બતાવે છે કે આ શબ્દો સાચા પડ્યા છે.

ગુજરાતની પ્રજા જેમણે હોંશે હોંશે ખોબા ભરીને મત આપ્યા એમને હજુ પણ એવો વિશ્વાસ છે કે સાહેબ હજુ કોઈ ચમત્કાર કરશે અને રામરાજ્ય પેદા કરશે.પરંતુ સાહેબને એમનું સામ્રાજ્યની કિલ્લેબંધી એકદમ પાક્કી કરવામાંથી સમય મળે તો તેઓ સામાન્ય પ્રજાની મુશ્કેલીઓ બાબતે વિચાર કરી શકે.




**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધું પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : **૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬**

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૩૨)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૩૨૪ | જીએનએમ ૩ ૧/૨વર્ષ | ૩૧-૧૦-૮૬ | ૧૨૦૦૦ | મેથો. | કુંવારા |
| ૩૨૫ | બીઇ(ઈલેકટ્રોનિક)ડીપ્લો.ઈન્ડ.ઈલેક્ટ્રો. | ૧૨-૧-૮૫ | ૧૦૦૦૦ | મેથો | કુંવારા |
| ૩૨૭ | એમ.એસ.કોમ્પ્યુ.એન્જી.(અમેરીકા) | ૨૨-૧૦-૮૪ | ૩લાખ | આર.સી. | કુંવારા |
| ૩૨૮ | બીબીએ ડીપ્લો.ઈલેક્ટ્રી.એન્જી. | ૭-૧૦-૭૯ | ૩૦૦૦૦ | આઈ.પી. | કુંવારા |
| ૩૨૯ | એમએસડબલ્યુ | ૧૫-૧-૭૯ | - | આર.સી. | કુંવારા |
| ૩૩૦ | બી.કોમ.ડીપ્લો.ઈન કોમ્પ્યુનીટી વેલ્ફેર(ઓસ્ટ્રે.) | ૧૨-૨-૮૨ | ૧૭૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૩૩ | એમએસસી.હોર્ટી (એગ્રી) ઓસ્ટ્રેલીયા | ૫-૭-૮૧ | ૬૦૦૦૦ડોલર | આર.સી. | કુંવારા |
| ૩૩૪ | એમબીએ(માર્કેટીંગ) | ૧૯-૧-૮૬ | ૩૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૬૩૯ | પીટીસી.બીએ.કોમ્પ્યુ.(બેઝીક) | ૧૫-૧૨-૮૩ | ૫૦૦૦ | સા.આર્મી | કુંવારા |
| ૬૪૦ | પીટીસી,એમએ બીએડ(અંગ્રેજી) | ૯-૧- | ૪૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૬૪૧ | ૧૨પાસ,લીથોઓફસેટ,મોટર રીવા.આઈટીઆઈ | ૨૬-૭-૮૧ | ૩૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૬૪૩ | એમએસસી.બીએડ.કેમેસ્ટ્રી | ૨૫-૮-૮૫ | ૫૩૦૦ | મેથો. | કુંવારા |
| ૬૪૪ | માસ્ટર કેમ એન્ડ સીએનસી ટેકનો.આઈટીઆઈ | ૧૦-૫-૮૩ | ૧૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૬૪૫ | એમએ બીએડ(અંગ્રેજી)બીપીએડ ચાલુ | ૪-૭-૮૨ | ૫૩૦૦ | આર.સી. | કુંવારા |
| ૬૪૬ | પીટીસી,એમ.એ. | ૧૫-૮-૮૫ | ૨૩૧૨૦ | આર.સી. | કુંવારા |
| ૬૪૭ | એમએ બીએડ | ૧૮-૬-૮૫ | ૫૩૦૦ | આર.સી. | કુંવારા |
| ૬૪૯ | પીટીસી | ૨૧-૨-૮૪ | ૨૧૦૦૦ | મેથો. | કુંવારા |
| ૬૫૦ | ૧૨ પાસ.ફસ્ટએઈડ પેરામેડીકલ નર્સીંગ | ૧૨-૫-૮૫ | ૪૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૬૫૧ | ૧૧ પાસ | ૧૨-૨-૬૮ | ૧૫૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૬૫૨ | બીકોમ | ૧૩-૬-૬૭ | ૨૦૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૬૫૩ | ૯ પાસ | ૨૩-૭-૭૭ | ૨૦૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૨૩૦ | બીએ.ડીપ્લો.ઈન કોમ્પ્યુ.ગ્રાફીક | ૨૮-૫-૭૫ | ૪૦૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૨૩૧ | એમએ બીએડ | ૧૦-૧૨-૭૫ | ૧૬૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૨૩૩ | એમએ બીએડ (અંગ્રેજી) | ૧૦-૮-૮૪ | ૫૩૦૦ | મેથો. | છુટાછેડા |
| ૨૩૪ | બીકોમ | ૨૨-૨-૭૦ | ૧૧૭૨૫ | મેથો. | છુટાછેડા |

## ★ યુવતીઓ (૩૨) ★

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૩૩ | પોસ્ટબેઝિક,બીએસસી નર્સીંગ | ૨૨-૮-૮૯ | ૧૪૦૦૦ | મેથો | કુંવારા |
| ૩૩૪ | બીબીએ,એમબીએ.ફાઇ.(અંગ્રેજી મીડી.) | ૨૦-૬-૮૯ | ૧૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૩૩૫ | ૧૨સાયંસ,ફાર્માસી ૨વર્ષ,નર્સીંગ ૨નીંગ૧વર્ષ | ૨૨-૨-૮૭ | - | આર.સી. | કુંવારા |
| ૩૩૬ | બીબીએ,એમબીએ,૨નીંગ | ૧૦-૮-૯૦ | ૧૮૦૦૦ | મેથો. | કુંવારા |
| ૩૩૭ | ડીપ્લો.કોમ્પ્યુ.એન્જી.બીટેક,કોમ્પ્યુ.સાયંસ(ઈગ્લીસ) | ૧૫-૪-૮૮ | ૧૧૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૩૮ | બીકોમ.એમસીએ | ૧૨-૧૧-૮૫ | ૨૫૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૩૩૯ | બીએ,(ઈગ્લીંસ)કોમ્પ્યુ.સીસીસીએન્ડએસએપી. | ૩-૨-૮૫ | ૧૦૦૦૦ | બ્રધરન | કુંવારા |
| ૩૪૧ | ડીપ્લો.ઈન ઈલેક્ટ્રીકલ એન્જી.કોમ્પ્યુ.પીજીડીસીએ | ૩-૧-૮૦ | ૪૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૩૪૦ | ડીપ્લો.જનરલ નર્સીંગ એન્ડ મીડવાઈફ | ૬-૭-૮૮ | ૨૬૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૪૨ | એમએસસી બીએડ.(ઈગ્લીંસ મીડીયમ) | ૫-૬-૮૭ | ૧૦૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૨૪ | નર્સીંગ ૧ વર્ષ(અનાથ) | ૯-૫-૮૮ | - | આર.સી. | કુંવારા |
| ૪૨૫ | પીટીસી (અનાથ) | ૨૫-૯-૮૯ | ૪૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૨૬ | સેક્રેટરી કોર્સ(ઈગ્લીસ મીડીયમ)અનાથ | ૨૨-૧૨-૯૪ | - | આર.સી. | કુંવારા |
| ૪૨૭ | બીએ બીએડ.(ઈગ્લીશ) | ૨૯-૫-૮૫ | ૫૪૦૦ | મેથો. | કુંવારા |
| ૪૨૮ | એમએ.બીએડ(ચાલુ) | ૨૫-૨-૮૭ | - | સીએનઆઈ | કુંવારા |
| ૪૨૯ | પીટીસી | ૩૧-૧૦-૮૮ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૩૧ | ૧૨ પાસ | ૧૪-૧૦-૯૧ | - | સા.આર્મી. | કુંવારા |
| ૪૩૨ | ૧૨પાસ ડીપ્લો.ક્લોપીંગ,એસવાય | ૧૭-૭-૬૯ | ૧૫૦૦૦ | આલ્ફા | કુંવારા |
| ૪૩૪ | એમએ ,એમએડ,સીસીસી પાસ | ૬-૧૦-૮૫ | ૯૪૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૩૫ | ૧૨ પાસ,૧ વર્ષ નર્સીંગ કોર્ષ | ૪-૬-૮૮ | ૬૫૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૪૩૦ | એમએ બીએડ | ૨૭-૫-૮૧ | ૨૧૦૦૦ | સા.આર્મી. | છુટાછેડા |
| ૧૪૦ | ૧૦પાસ,ઈગ્લીંસ મીડી.કોમ્પ્યું.કોર્ષ | ૯-૭-૮૪ | ૧૧૦૦૦ | મેથો. | છુટાછેડા. |
| ૧૪૨ | બીએસસી.(નર્સીંગ)અમેરીકા સીટીઝન | ૧-૯-૭૩ | - | મેથો. | છુટાછેડા |
| ૧૩૩ | બીએ.હોસ્પી.મેનેજમેન્ટ,અમેરિકા સીટીઝન | ૨-૧૨-૭૯ | ૨૦૦૦ડોલર | સીએનઆઈ | છુટાછેડા |
| ૧૧૮ | ૧૦પાસ | ૧-૪-૫૯ | ૬૦૦૦ | મેથો. | વિધવા |

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર


**ડાયરેક્ટરશ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર,**

**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ, નડીયાદનો સંપર્ક કરવો.**

તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે


(૧)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.(૨)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઈપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૩)લગ્નવાંચ્છુક યુવક - યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઈન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.(૫)**visit by appointment only**

# માર્ગ અનેક નેમ એક
# ઇરાદો નેક વિકાસ પહોચ્યો
# છેડે છેક

## સતત પરિશ્રમના ૬૦ દિવસમાં ........

★ સરદાર સરોવર યોજના : ક્ષણનો પણ વિલંબ નહી, સિધ્ધિ વિના જંપ નહીં.

★ નીડર લીડર : અમલીકરણના સામર્થ્ય સાથે ગતિશીલ ગુજરાત લક્ષ્યાંક ૧૦૦ દિવસની લોકાભિમુખ એજન્ડા

★ મહિલા સશક્તિકરણ : રાજ્યમાં પ્રથમવાર યોજાયું મહિલા કૃષિ સંમેલન સુરક્ષાસેતુ યોજના અન્વયે મહિલાઓને સ્વરક્ષણની તાલીમ : મહિલા સુરક્ષા સમિતિનો વધ્યો વ્યાપ

★ કૃષિ મહોત્સવ ૨૦૧૪ની હાઇટેક ઉજવણી : હરિતક્રાંતિના ગુજરાત મોડેલ માટે કૃષિલક્ષી માહીતી પુરૂ પાડતું કિશાન પોર્ટલ મોબાઇલ એપ્સ લોંચ

★ જનહીતના કાર્યોને પ્રાથમિકતા : સ્વાગત ઓનલાઇન ફરિયાદ નિવારણમાં નાગરિકોની પડતર રજુઆતોના પારદર્શી નિવારણ સાથે ઝીરો પેન્ડન્સીનો નવતર અભિગમ

★ માયાળુ અને વાત્સલ્યપુર્ણ વ્યક્તિત્વ : સરકારી અને જાહેર કાર્યક્રમોમાં સત્કાર માં મળતી ખાધાન-ફળફળાદી-કઠોળ-શાકભાજીની ભેટ સોગાદો આંગણવાડી ના કુપોષિત બાળકો, સગર્ભા માતાઓના સશક્તિકરણ માટે દાનમાં આપવાનો સંવેદના સ્પર્શીય નિર્ણય

★ ગરીબો-વંચિતોના હામિ : મુખ્યમંત્રી અમૃતમ-માં યોજના હવે મહિલાઓ અને ૧લાખ ૨૦ હજારથી ઓછી આવક ધરાવતા મધ્યમવર્ગીય પરિવારોને લાભ આપવાની નવતર પહેલ

★ સંવાદ- સેટેલાઇટ કોમ્યુનિકેશન માધ્યમથી રાજ્યના ૧.૯૫ લાખ પ્રાથમિક શિક્ષકો સાથે સંવાદ સાધી પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે શાળાઓ વચ્ચે તંદુરસ્ત સ્પર્ધા યોજવાનું આહ્વાન

★ રાજનીતીજ્ઞો સાથે ફળદાયી મુલાકાતો : વૈશ્વીક ઓળખ સમાન વાયબ્રંટ ગુજરાતની વિચારધારાને ગતિશીલ બનાવવા સિંગાપોર, કેનેડા, સ્વીત્ઝરલેન્ડ, ફ્રાંસ, ઓસ્ટ્રેલીયા, અને જાપાન સહિતના ૧૮ ઉપરાતં વિદેશી પ્રતિનિધિ મંડળો સાથે વ્યુહાત્મક અને સકારાત્મક સહોયોગ મેળવવાનો કુનેહભર્યો પ્રયાસ

★ સુવિધા : વિદ્યાર્થીઓને વ્યવસાયિક અભ્યાસક્રમમાં પ્રવેશ માટે સ્વરુચિ અનુકુળતા મુજબ સંસ્થાની પસંદગી માટે www.knowyourcollege.in પોર્ટલનું લોન્ચીંગ

અને ઘણુ બધું

## સૌનો સાથ .... સૌનો વિકાસ



શ્રીમતી આનંદીબેન પટેલ,
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

## સરકારી કામોમાં દસ્તાવેજો સેલ્ફ એટેસ્ટ કરી શકાશે

નાગરિકો માટે મોટી રાહતના સમાચાર આપતાં સરકારે નક્કી કર્યું છે કે સરકારી કામો માટે ગેઝેટેડ ઓફીસર કે નોટરી પાસેથી એફિડેવીટ મેળવવાના સ્થાને સ્વ પ્રમાણિત )સેલ્ફ એટેસટેડ) દસ્તાવેજો જ ઉપયોગમાં લઈ શકાશે.

રાજયોને આ માટે કેન્દ્ર સરકારે વિવિધ અરજી પત્રકો સાથે સંભવિત રીતે જોડવામાં આવતી એફીડેવીટની હાલની જરુરીયાત અંગે પણ રીવ્યુ કરવાની સલાહ આપી છે અને સ્વ પ્રમાણિત દસ્તાવેજોની પ્રથા શરુ કરવાની સુચના આપી છે.એમ એડમિનિસ્ટ્રેટીવ રિફોમ્સ એન્ડ પબ્લિક ગ્રીવન્સીસ વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે એફિડેવીટ મેળવવી એક ઝંઝટવાળું કામ છે. લોકોએ એફિડેવીટ માટે ૧૦૦ થી ૫૦૦ રુપીયાનો ખર્ચ કરવો પડે છે.મોટાભાગના ગેઝેટેડ ઓફીસર્સ પણ પુરતા દસ્તાવેજો ન હોય તો એફિડેવીટ માટે પોતાની અનુમતિ આપતા નથી. ખાસ કરીને ગામડાઓમાં અને દુરના વિસ્તારોમાં સ્થિતિ ખુબ ખરાબ છે.જો રાજ્ય સરકારો સ્વ પ્રમાણિત દસ્તાવેજોના ઉપયોગને પ્રોત્સાહન આપે તો એ લોકો માટે આર્શીવાદરુપ સાબિત થશે.જો કે કેટલાક મંત્રાલયો અને રાજ્ય સરકારો ત માર્કશીટ ,જન્મ પ્રમાણપત્ર વગેરે માટે સ્વ પ્રમાણિત દસ્તાવેજોનો ઉપયોગ શરુ કર્યો છે. જેમાં ગેઝેટેડ ઓફીસરે એટેસ્ટેડ કોપી દસ્તાવેજોની આપવાની રહેતી નથી.

## દેશમાં સહુ પ્રથમ એવું વન સ્ટોપ ક્રાઇસીસ સેન્ટર મધ્યપ્રદેશમાં શરુ

દેશમાં સહુ પ્રથમ વાર એવું વન સ્ટોપ ક્રાઈસીસ સેન્ટર,મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં શરુ કરવામાં આવ્યું હતું ગૌરવી નામથી શરુ કરાયેલ આ કેન્દ્રનો અભિનેતા આમીરખાનો ખુલ્લુ મુકયું હતું. મહિલાઓ વિરુધ્ધ હિંસા અને અત્યાચાર અટકાવવા માટે તેમજ ત્વરિત સહાયરુપ થવા માટે આ કેન્દ્ર મદદ કરશે.આ કેન્દ્ર દુષ્કર્મનો ભોગ બનનાર, દહેજને કારણે સાસરીયાનો ત્રાસ સહન કરનાર, ઘરેલું હિંસા તેમજ મહિલાઓ પરના અન્ય જાતિગત હુમલાઓ સામે ત્વરીત ધોરણે સહાય અને મદદ પુરી પાડવામાં આવશે.આ સંસ્થા દ્વારા કાનુની સલાહ, તબીબી સહાય અને પોલીસની મદદ પુરી પાડવામાં આવશે.

## ઇઝરાયેલે ગાઝાપટ્ટી પર કરેલ હવાઇ હુમલાઓને કારણે લોકો સલામત સ્થળોએ ખસી રહ્યા છે

ઈઝરાયેલ એક અઠવાડીયાથી ગાઝા પટ્ટી પર હવાઈ હુમલાઓ કરી રહ્યું છે. છેલ્લા છ દિવસમાં ઈઝરાયેલે કુલ ૧૪૭૪ હુમલાઓ કરીને આશરે ૧૫૦૦ ટન વિસ્ફોટકો ગાઝા પટ્ટી પર ઝીકીં દીધા છે.ગાઝા પટ્ટ પર વસતા સામાન્ય લોકોની લોહીની નદીઓ વહી રહી છે.અત્યાર સુધીમાં ઈઝરાયેલના હવાઈ હુમલામાં ૧૭૨ લોકોના મોત નિપજ્યા છે. અને હજારો લોકો ધાયલ થયા છે. યુનોના એક આંકડામાં જણાવ્યા મુજબ ૧૭૦૦૦ લોકો યુધ્ધ શરણાર્થી બન્યા છે.આતંકી સંગઠન હમાસ દ્વારા સામી કાર્યવાહી થઈ રહી છે.હમાસે પણ ઈઝરાયેલ પર રોકેટ મારો કર્યો હતો.હમાસ દ્વારા ડ્રોન હુમલા કરાયા હતા.સંયુક્ત રાષ્ટ્રની સલામતિ સમિતિ અને અમેરિકા સહિતના કેટલાક દેશો શાંતિ સ્થાપવા માટે પ્રયત્નો કરી રહ્યા છે.આતંકી સંગઠનો દ્વારા ઈઝરાયેલ વિરુધ્ધ કોઈ કાર્યવાહી કરવામાં આવે તો તુરત જ ઈઝરાયેલ તેનો જડબાતોડ જવાબ તેના વિરોધીઓને આપેછે.હમાસ જેવા આતંકી સંગઠન દ્વારા ઈઝરાયેલ પર આવો જ એક અટકચાળો



કરવામાં આવ્યો અને તેનુ પરિણામ જોઈ શકાય છે.ઈઝરાયેલે શુ ના કરવું જોઈએ એના માટે અનેક લોકો પ્રયત્નશીલ રહે છે પરંત તેમના વિરોધીઓએ શુ ના કરવું જોઈએ તેનું કદી વિચારતા નથી કે તેઓન સલાહ આપત નથી.સીરીયા અને ઈરાકમાં આતંક ફેલાવીને અનેક વિસ્તારો કબજે કરનાર આતંકી સંગઠન આઈએસઆઈએસ ગાઝા પટ્ટીમાં સક્રિય થવાના સમાચારે ઈઝરાયેલ વધુ આક્રમક બન્યું છે.વિશ્વભરના આતંકી સંગઠનો એક બનીને પોતાનો પંચમ લહેરાવવા આતુર છે.યુધ્ધ માત્ર એક માર્ગ નથી.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

**આણંદ ખાતે લવાજમ સ્વીકારશે**

૧.શ્રી કિરીટભાઈ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.
પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

**અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે.**

શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન,
**જીવન સાહિત્ય ભંડાર,**
શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮
**ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,**
શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨
શ્રી હેલ્ફર્સ એલેન્દી,
વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા રાયખડ,અમદાવાદ.૧

**નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે.**

શ્રી ભાઈલાલભાઈ ટેલર,
પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨
શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,
નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨
શ્રી.એસ.કે અમીન,
આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨
શ્રી પાઉલભાઈ એ. પરમાર,
૧૦૭,દિવ્યજ્યોત સોસા.
પવનચક્કી રોડ,નડીયાદ.૨

**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર
**ગીડીયોન પોલ પરમાર**
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
*નીલા સી.ગામડીયા*
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

**જાહેર ખબર તથા લવાજમના એજન્ટ**

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭
શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩
શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**
પી.જી.યોગા,ડીએચએમએસ
*યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ*
એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
**કેર કોમ્પ્યુટર સેન્ટર**
ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.